## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*નથી શિક્ષણથી સંબંધ એ મૂલ્યોના માફિયા છે,*
*છે સમૃદ્ધિથી સંબંધ, માનવતાના માફિયા છે,*
*કરે 'સર્જન' માફિયાનું, એ કરે પ્રજાની વાઢકાપ -*
*તંત્રને કાઉન્સિલ, મિલીભગતમાં માફિયા છે...*

હાઈકુ

*મનસૂબાથી*
*બૂઝાવે જીવનદીપ -*
*મનસુખીયા!*
*(સુમનદીપ યુનિ.)*

*છે લોહી ભૂખ્યા -*
*બનાવે ડીગ્રી બૉંબ*
*ઢીંકે સમાજે...*
*(શૈક્ષણિક આતંકીઓ)*

### ચિંતન

**દાતવ્યમપિ બલિશઃ ક્લેશેન પરિદાસ્યતિ**

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવાય છે.

દુષ્ટો દાન પણ અપમાનિત કરીને આપે છે.

દુષ્ટલોકો આમ તો કશું આપવાનું શીખ્યા નથી હોતા પરંતુ કશું આપવાની અનિવાર્ય ફરજ તેમને પડી હોય તો મહાપરાણે તે આપે છે અથવા એ આપવાથી શો લાભ થશે એવી સ્વાર્થ બુદ્ધિથી પ્રેરાઈને આપે છે.

કેટલાક લોકો ભિક્ષુકને કંઈ આપતા તો નથી પણ બોધ સ્વરુપે લાંબુ ભાષણ જરૂર ભરડી નાખે છે બધા કડવી જીભવાળા પોતાના સગા-વહાલાં-મિત્રોને દાન કે ઉધાર આપે ત્યારે પણ દાનની કિંમત કરતાં વધારે બોધ વચન આપતાં હોય છે.

દાન-પુણ્ય-સત્કાર્યો મૌન રહીન અને કોઈ પણ અપેક્ષા વિના, સામેની વ્યક્તિને જરા પણ નાનમનો ભાર ન લાગે તે રીતે કરવાં જોઈએ.

### સુવિચાર

- તમે ખુદ શ્રેષ્ઠ આપશો તો અન્યોમાંથી શ્રેષ્ઠ મેળવી શકશો - **જ્યોર્જ વોશિંગ્ટન**
- પાયી હવાઓં મેં ઉડને કી વો સજા યારોં, કિ મેં જમીન કે રિશ્તોં સે કટ ગયા પારોં - **દાગ દહેલવી**
- આપણને સહુ ને સામે કિનારે પહોંચવાની ઉતાવળ બહુ જ છે! પરંતુ હોડીને હલેસા બીજા કોઈ મારી દે તો - **જીવનસૂત્ર**
- ઈશ્વરે તમને જેવા બનાવ્યા છે એના કરતાં સહેજ પણ ઊતરતા ન બનવું એમાં જ તમારું ગૌરવ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માયા પણ જો ભગવાનના માધ્યમે ઘરમાં આવે તો જ તે પ્રસાદ બની ને રહે છે - **અમૃતબિંદુ**
- પોતાની ફરજ અંગે જ સભાન હોય એને જ અધિકાર સોંપાય - **જીવનસૂત્ર**
- આજનું ઔષધ : કારેલાની છાલનો જ્યુસ નયણે કોઠે પીવાથી શરીર પરનો મેદ ઓછો થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

સત્તાના મહેલમાં ખૂન-ખરાબા અને શોષણની દુર્ગંધ હોય છે. સ્વાશ્રયમાં સુગંધ હોય છે.

એક રાજા ખરા ભક્ત પણ ખરા. જંગલમાં ઝૂંપડીમાં રહેતા સાચા સંતને મળવા વારેવારે પહોંચી જતા. એકવાર રાજાએ કહ્યું, મહારાજ મારા મહેલમાં પધરામણી કરો. સંત મહેલ જોવા આવ્યા અને રાજાને કહ્યું, 'મને અહીં ખૂબ દુર્ગંધ આવે છે માટે હવે હું મારી ઝૂંપડીમાં જંગલમાં જલ્દી જઉં. રાજાને આશ્ચર્ય થયું મનમાં રાજાને થયું કે મહેલ એકદમ સાફસફાઈ છે, અત્તર અને ગુલાબ મોગરાથી મહેલ મહેંકે છે છતાં સંતને આવું કેમ લાગ્યું હશે.'

એકવાર સંત રાજાને ચમારોની વસ્તી જોવા લઈ ગયો. ઠેર ઠેર ચામડાની દુર્ગંધ આવતી હતી. રાજાએ સંતને કહ્યું, 'માથું ફાડી નાખે એવી વાસ છે. ઊભા નથી રહી શકાતું માટે જલ્દી આપણે અહીંથી નીકળી જવું પડશે.' સંતે કહ્યું, 'રાજન, આ ચમારોની વસ્તીમાં નાના બાળખો, સ્ત્રીઓ, વૃદ્ધો સૌ રહે છે એ કોઈને દુર્ગંધ નથી મારતી. કોઈક ખાઈ રહ્યા છે, કોઈ શાંતિથી સૂઈ રહ્યા છે, એમને કોઈ દુર્ગંધ નથી મારતી તો તમને કયાંથી દુર્ગંધ મારે??' રાજાએ કહ્યું, 'ચામડાનું કામ કરવાની એમને રાત-દિવસની ટેવ છે.' સંતે કહ્યું, 'રાજન. એવા જ હાલ તારા રાજમહેલના છે, મોર-વિલાસમાં રહેનારાઓને એવા દુષ્કર્મોની દુર્ગંધ નથી આવતી, કારણકે એમને એવી ટેવ પડી ગઈ છે. મને તો એ વિષયવાસના અને ખરાબ વૃત્તિઓની અસહ્ય દુર્ગંધ આવે છે એથી જ આપના રાજમહેલમાં મને નથી મજા આવતી.' રાજાને મર્મ સમજી સંતને ચરણ સ્પર્શ કર્યા.

# દૂધનો ભાવ વધારો : મધ્યમ વર્ગની મજબૂરી

વરસમાં એકાદ-બે વાર ભાવવધારો ન ઝીંકે તો તે અમૂલ નહીં. અમૂલ એશિયાનું સૌથી મોટું દૂધ ઉત્પાદન સંસ્થાન છે, એનું આપણે ગૌરવ લઈએ છીએ - લેવું પણ જોઈએ. વર્ગીસ કુરિયનનું આ ગુજરાતના પશુપાલક સમાજને મળેલું અદ્‌ભુત વરદાન છે. કયારેક મેલાંઘેલાં લૂગડાંમાં ખેતરશેઢે પરસેવો પાડતો ખેડૂત આજે એકાદ દુધાળું જાનવર પાળીને ઊજળા લૂગડે ફરતો થયો છે તે કોઈ નાનીસૂની ઉપલબ્ધિ નથી. ચરોતરના કિસાનનેતા ત્રિભોવનદાસ પટેલને વર્ગીસ કુરિયન જેવા આર્ષદષ્ટા સલાહકાર મળ્યા અને આણંદ દૂધનગરીમાં ફેરવાઈ ગયું. આણંદના પગલે ચાલીને ઉત્તર ગુજરાતમાં માનસિંહ પૃથ્વીરાજ પટેલ તથા ભુરાભાઈ ખોડીદાસ પટેલ અને ગલબાભાઈ નાનજીભાઈ જેવા ગ્રામીણ સહકારી આગેવાનોએ અનુક્રમે 'દૂધસાગર', 'સાબર' અને 'બનાસ' ડેરીની સ્થાપના કરી. આમ ગુજરાતમાં શ્વેસક્રાંતિનાં પગરણ થયાં જે કાલાન્તરે દેશ આખા માટે આશીર્વાદરૂપ સાબિત થઈ. દૂધ ઉત્પાદનમાં કૂદકે ને ભૂસકે વધારો થતો રહ્યો છે અને ગુજરાત આજે વરસેદહાજે ૧૨૨.૬૬ લાખ ટન જેટલું વિક્રમ દૂધ ઉત્પાદન કરી શ્વેતક્રાંતિનો વિજયધ્વજ ફરકાવે છે. પરંતુ દૂધ તો અદલ પાણી જેટલી જ જીવન જરૂરિયાતની કોમોડીટી છે. સવિશેષ ઊછરતાં બાળકો અને તરુણો માટે તો એ અનિવાર્ય ખાદ્યાંશ ગણાય. ખેડૂતોને પશુદાણ અને ઘાસચારો મોંઘો પડે છે એટલે એમને ભાવ વધારી આપવાના બહાના હેઠળ અમૂલ વારંવાર ગરીબ અને મધ્યમ વર્ગ પર દૂધના ભાવવધારાનો બોજ ઝીંક્યે રાખે છે. આપણી સહકારી ક્ષેત્રની ડેરીઓ કરતાં ડેન્માર્ક અને નેધરલેન્ડ અડધા ભાવે દૂધ વેચવા તૈયાર કરે છે,

**તંત્રીસ્થાનેથી...**

પરંતુ ફાછા એ જ સહકારી નેતાઓ પોતાનું દૂધિયું સામ્રાજય રફેદફે ન થઈ જાય એ હેતુસર દૂધની આયાત અટકાવતા રહ્યા છે. જો સરકારને દેશી પશુપાલકોની ચિંતા રહેતી હોય તો એણે આ વિશેષ સમુદાયને સબસીડી આપીને દૂધનો ભાવ વધારો રોકવો જોઈએ. દર છ મહિને બબ્બે રૂપિયાનો ભાવવધારો કરી અમૂલ મધ્યમ વર્ગની ગૃહિણીઓનું બજેટ ખોરવતું રહે છે. આ એક પ્રકારની ચાલાકીપૂર્વક કરાતી શોષણખોરી છે. વર્ગીસ કુરિયનની વિદાય પછી આ ક્રમ સતત ચાલુ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તો ચાની કીટલીથી કારકિર્દીની શરુઆત કરી હોવાનું કહેવાય છે. આમ જનતાની ચા મોંઘી બની રહી છે. ત્યારે સરકારે આ મુદ્દે હસ્તક્ષેપ કરવાની જરૂર છે એમ નથી લાગતું? ગરીબના બાળક માટે દિનપ્રતિદિન મોંઘું થતું દૂધ દોહ્યલું બની રહ્યું છે. દેશના ખેડૂતો અને પશુપાલકોના નામે ચાલતી આ ચસમપોશીથી લાભ ખાટે છે ડેરીઓના તંત્રવાહકો, જેમનું સહકારી રાજકારણ એ સામાન્ય રાજકારણની સમાંતરે ચાલતું રહે છે અને કોઈ પણ પ્રકારની પ્રજાકીય જવાબદારી વગર ધોળિયાઓનો આ એક વિશેષ વર્ગ મોંઘીદાટ ગાડીઓમાં ફરતો રહે છે, દેશ-વિદેશની સહેલગાહ માણતો રહે છે. સહકારી સામ્રાજયનું વિધિસરનું ઑડિટ કરવાનો સમય પાકી ગયો છે. જો લોકપ્રિય સરકાર એ સામે આંખ મિચામણાં કરતી રહેશે તો એક દિવસે ખુદ 'ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ' જ જાગી ઊઠશે અને દૂધના નામે લોહિયાળ ક્રાંતિનાં પગરણ મંડાશે એમાં શંકોને સ્થાન નથી. શ્વેતક્રાંતિને રક્તક્રાંતિથી અભડાવવી ન હોય તો હજુ બહુ મોડું નથી થયું. સબકો સન્મતિ દે ભગવાન!

# સાપના ઝેરનો ગેરકાયદેસર વેપાર

છેલ્લાં ઘણાં સમયથી દેશભરમાં સાપના ઝેર સાથે ગુનેગારોને પકડવાં આવતાં હોય તેવા સંખ્યાબંધ કિસ્સાઓ સમાચારપત્રોમાં ચમકતાં જોવા મળી રહ્યા છે.

આ બધામાં ધ્યાન ખેંચે તેવો એક કિસ્સો વેસ્ટ બંગાળ રાજયના વન અધિકારીઓ દ્વારા જલપાઈગુડી પાસે ૪ વ્યક્તિઓને સાપના ઝેર સાથે પકડવામાં આવ્યા તે છે. આખા વિશ્વમાં ભારત સિવાય કોઈ એવો બીજો દેશ નથી કે જયાંથી આટલી મોટી સંખ્યામાં ઝેર પકડાતું હોય. આ કિસ્સામાં બુલેટપ્રુફ ૫ (પાંચ) બરણીઓમાંથી ભરેલું ઝેર ૧૦ કિલોગ્રામ જેટલા વજનનું હતું. તેની હજારમાં કિંમત ૨૪૫ કરોડ જેટલી મુકાઈ હતી. વધુ વ્યાજબી રીતે અંદાજ મુકાતાં તેની કિંમત ૧૭૫ કરોડ જેટલી હોવાનું કહેવાય છે.



સ્પેકટેકલ કોબ્રા (દિચશ્મી નાગ)ના એક ગ્રામ વજનના ઝેરની કિંમત રૂા.૧૦,૦૦૦ ગણવામાં આવે છે. જયારે કિંગ કોબ્રાના ઝેરની કિંમત પણ એક ગ્રામના રૂા. ૮,૦૦૦ જેટલી મુકવામાં આવે છે. આપણા દેશમાં મુખ્યત્વે ચાર ઝેરી સાપનું ઝેર કાયદેસર રીતે એકત્ર કરવામાં આવે છે. જેને સાપનું દોહન (સ્નેક મિલ્કીંગ) કહેવામાં ઓવ છે. પ્રત્યેક સાપનમાંથી એક મહિનામાં ૪ (ચાર) વખત ઝેર મેળવવામાં આવે છે. આ માટે કાચનું વાડકાં જેવું વાસણ ઉપરની તરફથી પ્લાસ્ટિક કે કાપડથી બાંધીને ઢાંકેલું હોય છે. ત્યાં સાપનું ખુલ્લું મોઢું રાખી ઉપરના જડબાના ઝેરી દાંતને ઉપરના ભાગે મૂકીને ઉપરથી દબાણ આપીન ઝેરી દાંત વાટે ઝેર વાણસમાં એકત્ર કરવામાં આવે છે.

કોબ્રા (નાગ) માંથી વધુ એક ડંખ સમયે ૧૦૦ મીલીગ્રામ ઝેર ઓંકવામાં આવે છે. જયારે ખળચિતરો (રસેલ્સ વાઈપર) સાપમાંથી ૭૦ મીલીગ્રામ, કાળોતરો (ક્રેઈટ)માંથી ૧૦ મીલીગ્રામ અને સહુથી ઓછું ફુરસો (સો સ્કેલ વાઈપર) માંથી ૧.૫ મીલીગ્રામ ઝેર ઓકલવામાં આવતું હોય છે.

આપણાં દેશમાં પ્રતિવર્ષ ૧૦ લાખ લોકોને સાપ કરડવાના કિસ્સાઓ બનતા હોય છે તે પૈકી ૪૫,૦૦૦ જેટલા લોકો મોતને ભેટે છે. આવા કિસ્સાઓમાં ઝેરથી બચાવવા જે જાતિઓ સાપ કરડ્યો હોય તે જાતિના સાપના ઝેરમાંથી બનાવેલી સાપના ઝેરની રસી દર્દીને આપવામાં આવે છે. જે વધુ અસરકારક નિવડે છે. આવા ઝેરની પ્રતિરોધક રસીની એક વાયલ રૂપિયા ૧૦૦૦ જેટલી કિંમતે મળે છે. તેથી ગેરકાયદેસર રીતે પકડાયેલ ઝેરની બજારભાવે જે રીતે કિંમત દર્શાવાય છે તે વધુ પડતી જણાય છે. ઝેર પ્રતિરોધક રસી બનાવનારા કાયદેસર સપ્લાયરો પાસેથી આ ઝેર ખરીદે છે. આ પૈકી એક જાણીતાં સપ્લાયરમાં 'ઈરૂલા સ્નેક કેચર કો. ઓપરેટીવ' સંસ્થા છે. જેમાં ઝેર એકત્ર કરવાનું કાર્ય સાપ પકડવાનાં કુશળ એવી ઈરૂલા આદિવાસી જાતિના લોકો કરે છે. આવી સંસ્થાના અંદાજ પ્રમાણે ૩૫,૦૦૦ કોબ્રામાંથી ૩૫ વર્ષ સુધી ઝેર એકત્ર કરવામાં આવે તો ફક્ત ૧૦ કિલોગ્રામ જેટલું ઝેર પ્રાપ્ત થઈ શકે છે.



વનસૃષ્ટિનો પરિચય

હેમંત સુથાર

દેશભરમાં ગેરકાયદેસર રીતે પકડાતાં આ ઝેરનો ઉપયોગ શું થાય છે? તે એક રહસ્મય પ્રશ્ન છે. ચીન દેશમાં ઝેરની માંગ મોટા પ્રમાણમાં છે. પરંતુ તેમના ત્યાંના ઝેરી સાપના ઝેરના ભાવ ૪૫૦૦ રૂપિયા પ્રતિગ્રામ મુકવામાં આવે છે. આ ઉપરાંત ચીનમાં સાપનું લોહી, ચરબી, માંસ, ચામડીની મણ મોટી માંગ છે.

દવાઓ માટે ઉપયોગમાં લેવાતું ઝેર ૧૦ મીલીગ્રામથી લઈને ૧૦ ગ્રામની વાયલમાં પેક કરવામાં ઓવ છે. તેથી સમજી શકાય કે ૧૦ કિલોગ્રામ પાવડર સ્વરુપે પકડાયેલ ઝેર આ સિવાયના અન્ય ઉપયોગ માટે હોય તે સ્વાભાવિક છે.

એવું કહેવાય છે કે આ પ્રકારના ઝેર રેવ પાર્ટીઓમાં નશો કરવા માટે મોટા પ્રમાણમાં વેચવામાં આવે છે. આવું ઝેર ઈન્જેકશન માટે શરીરની નશોમાં દાખલ કરવામાં આવે તો નશો

**અનુસંધાન પાના નં. ૭ પર**

# પરીક્ષા આપતા બાળકોના માતા પિતાઓને એક પત્ર

પ્રિય માતાઓ તથા પિતાઓ... હું જાણું છું કે આપ સૌ આપના સંતાનોની પરીક્ષાને કારણે ખુબ જ ટેન્શનમાં હશો.

અને સાહજિક છે કે આપણને ટેન્શન હોય જ. આપને સૌને થતું હશે કે મારો દીકરો કે દીકરી સારા માર્ક્સ લાવશે કે નહીં ? આપ વારે વારે એમની સ્કૂલના શિક્ષકોને, ટ્યુશનના ટીચરોને કે એમના મિત્રોને સંતાનોના અભ્યાસ બાબતે પૂછતા હશો.. આપને ચિંતા હશે કે આપનું સંતાન ઊંચી ટકાવારી લાવશે કે નહીં ? આપ આપના સંતાનને સતત વાંચવાનું, ખુબ જ મહેનત કરવાનું કહેતા હશો, કદાચ આપે હમણા થોડા દિવસો ઓફિસેથી કે ધંધામાંથી રજાઓ પણ લીધી હશે કે જેથી ઘેર બાળકોને પરીક્ષાની તૈયારી કરાવી શકાય. બરાબર ને ? શક્ય છે કે બાળકોને તમે રાત્રે સરખી રીતે સુવા પણ નહી દેતા હોય, રાત્રે મોડે સુધી વંચાવીને વહેલી સવારે જગાડીને વાચવા બેસાડી દેતા હશો. કારણ કે આપ ઈચ્છો છો કે આપનું બાળક સ્કૂલ, કોલેજ કે શહેર કે જિલ્લા કે યુનિવર્સિટી કે રાજ્યમાં સૌથી ટૉપ આવે. કે જેથી એને મેડિકલમાં મોકલી ડોકટર બનાવી શકાય, કે એને સી.એ બનાવી શકાય કે એને એન્જીનીયર બનાવી શકાય જે તમે કદાચ નથી બની શક્યા.

સારી વાત છે તમે તમારા બાળકો માટે ચિંતિત રહો છે તે, અત્યારનો સમય પરીક્ષાઓનો જ છે. શક્ય છે કે આજે મોટાભાગે પ્રત્યેક ઘરમાં ટી.વી. બંધ હશે. કશું જ મનોરંજન નહી હોય... એક માત્ર પરીક્ષાઓની ચર્ચા કરીને બાળકને પરીક્ષામય બનાવવાનો ભગીરથ પ્રયત્ન તમે કરતા હશો. કેમ કે તમારા પિતાનું પણ એક સ્વપ્ર હતું કે તમે ડૉકટર બનો પણ તમે સંજોગોવશાત અને પરિસ્થિતિવશ ડૉકટર ના બની શક્યા. અને તમે તમારી મહેનતથી આગળ આવી સમાજમાં પ્રતિષ્ઠિત બન્યા. વળી તમે એ પણ જાણો છો કે તમે જે મહેનત કરી, જે સંઘર્ષ કર્યો છે તે તમારા સંતાન નહી કરી શકે તેથી અત્યારથી જ જો પરીક્ષામાં ટોપ આવે તો મેડિકલમાં મોકલી ડૉકટર બનાવી શકાય. જેથી તમારું અને તમારા પિતાશ્રીનું સપનું પણ પુરું થાય. ખરું ને ?

હે મારા પ્રિય વાલીઓ, મને લાગે છે તમે ક્યાંક કોઈ ભૂલ તો નથી કરી રહ્યા ને ? આ ૨૧મી સદી છે. આપણા પિતાશ્રીએ આપણો ઉછેર જે વિચારસરણીથી કર્યો હતો તે જ વિચારસરણીથી આજના બાળકનો ઉછેર શક્ય નથી. મેડિકલ પ્રત્યેનો ક્રેઝ આપણે ત્યા અનેક વર્ષોથી છે. જો ઘેર ઘેર ડૉકટરો થશે તો એમનું મૂલ્ય શું રહેશે ? એ તો વિચારો ? આજે તમારા જ શહેરમાં કેટલા દવાખાનાઓ છે, ડૉકટર્સ છે એ તો જુઓ ?

ફિલ્ડ કોઈપણ નાનું નથી. એ સાહિત્યનું હોય કે કલાનું હોય કે મેડિકલનું હોય કે બાંધકામનું હોય કે ઉદ્યોગનું હોય દરેક ફિલ્ડમાં શ્રેષ્ઠતાની જ કિંમત છે. તમે તમારા બાળકને તમારા વિચાર પ્રમાણે બનાવવા જશો તો શક્ય છે કે બાળક બેમાંથી એકેયમાં નહી રહે. એ પરીક્ષામાં ખુબ સારા માર્ક્સ લાવે છે તો તો ખુબ સારી વાત છે.પણ કદાચ એ પરીક્ષામાં ધાર્યા જેટલા માર્ક્સ ના લાવે કે નાપાસ થાય તો એને નિરુત્સાહી ના કરતા, એનો આત્મવિશ્વાસ ના છીનવી લેતા, એને મેણા ટોણા ના મારતા કે તારાથી કંઈ નહી થાય, તું તો આવો જ કે આવી જ રહી. પરંતુ એને વિશ્વાસ આપો કે ભલે તારે ઓછા માર્ક્સ આવ્યા પણ અમે તારી સાથે જ છીએ. આ તો એક સાવ નાની પરીક્ષામાં ઓછા માર્ક્સ આવ્યા છે. બીજા કેટલાય તો ફેઈલ થયા છે. અને આ કાંઈ જિંદગીની પરીક્ષા નથી કે તું ઓછા માર્ક્સ લાવવાથી ફેઈલ થવાથી તારું બધુ અટકી જશે.'' આવી વાતો કરીને બાળકનો આત્મવિશ્વાસ વધારવો જેથી બાળક ઘેરથી ભાગી જવાનું કે અન્ય કાંઈ ના વિચારે. શક્ય હોય તો બાળક ઓછા માર્ક્સ લાવે કે નાપાસ થાય તો પણ એને સારો મોબાઈલ અપાવો કે કોઈ હૉટેલમાં લઈ જઈ પાર્ટી આપો. એને સમજાવો કે સફળ થવાથી તો દુનિયા આખી પાર્ટી કરે નિષ્ફળ થવાથી પાર્ટી કરે એ જ આગળ આવી શકે. અને નિષ્ફળતા એ તો સફળતાનું પહેલું પગથિયું છે.

બાળકને જે ફિલ્ડમાં રસ છે તેમાં જવા દો અને એ માટે એને પૂરતી મદદ કરશો તો એ બાળકને સફળ થતા કોઈ નહી રોકી શકે. બાકી આપણા જ ઈતિહાસમાં એવા અનેક ઉદાહરણો છે કે જેઓ પરીક્ષામાં નાપાસ થયા હોય કે અભ્યાસ જ ના કર્યો હોય કે સ્કૂલ કૉલેજમાંથી કાઢી મૂકવામાં આવ્યા હોય કે ઈન્ટરવ્યુંમાં ફેઈલ થયા હોય અને આજે એ જ વ્યક્તિઓનું જીવન બીજા માટે પ્રેરણારૂપ બન્યું હોય. ગાંધીજી, અમિતાભ બચ્ચન, ધીરુભાઈ અંબાણી, રતન ટાટા, માર્ક ઝૂબેર, અબ્રાહમ લિંકન, નેલ્સન મંડેલા કે સ્ટીવ જોબ હોય...આવા અનેક નામો મારી તમારી પાસે છે. આ સૌ મહાનુભાવો જિંદગીની કોઈ ને કોઈ મહત્વની પરીક્ષાઓમાં નાપાસ થયા છે અને સ્કૂલ – કૉલેજોની પરીક્ષાઓમાં પણ ફેઈલ થયા છે. અને છતાંય આજે વિશ્વભરમાં પ્રખ્યાત છે. માત્ર માર્ક્સ કે માર્કશીટ કે નંબર તમારા બાળકોનું ભવિષ્ય બનાવી કે બગાડી નથી શકતા. બાળકોની ટેલેન્ટ એની સર્જનાત્મકતામાં છૂપાયેલી હોય છે. એની આંખોમાં, વાતોમાં છૂપાયેલી હોય છે. માર્કસમાં નહીં. ત્રણ કલાકની આપણી પરીક્ષાઓ આપણા બાળકની શક્તિ માપવાનું ગજુ નથી ધરાવતી. એ માટે તો બાળકને સમજવું જોઈએ, અંગ્રેજી નહી ભણેલા મા બાપ જ્યારે પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાં મૂકે છે ત્યારે આવા અનેક બાળકોના ભાવિ બગડે છે. વળી આ દુનિયામાં માત્ર ડૉકટરો કે સી.એ, કે એન્જીનીયરો જ સુખી નથી હોતા. કે તેઓ જ માત્ર ખુશ રહે છે એવું નથી. આવા જ લોકોને મોટેભાગે આર્ટ ઓફ લિવિંગની શિબિરો કરવી પડતી હોય છે. કેમ કે તેઓ માત્ર સાચું ખોટું કરીને ધન કમાઈ શકે છે પણ તેની સામે જીવન જીવવાવી કલા ગુમાવી દે છે. અને જે બાળક પરીક્ષામાં ઓછા માર્કસ લાવે છે કે પરીક્ષામાં ફેઈલ થાય છે તે મોટા થઈને મહાન હસ્તી બને છે. જેમની પ્રેરણા લઈને આવા ડોકટરો કે અન્ય પ્રતિષ્ઠિત માણસો જીવવાનું શીખે છે.



મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

હે મારા પ્રિય પેરેન્ટ્સ, આજે આપણી કરૂણતા એ છે કે આપણે આપણા બાળકને ડૉકટર, એંજીનિયર કે સી.એ બનાવવા ઈચ્છીએ છીએ પણ સારો માણસ બનાવવાનું વિચારતા નથી. જો એ સારો માણસ હશે તો આપોઆપ ધન અને પ્રતિષ્ઠા એની પાસે આવશે. જીવન જીવતા એને આવડશે અને બીજાને શીખવશે. આ ખરેખર તમારી પરીક્ષાનો સમય છે તમારા બાળકને વધુ પડતા સ્ટ્રેસમાં ના રાખો, એને બે ચાર દિવસે થિયેટરમાં એકાદ ફિલ્મ બતાવો. સંગીત સાંભળવા દો, દરરોજ બહાર થોડું રમવા જવા દો, એ જેટલું માનસિક રીતે ફ્રેશ રહેશે એટલી જ સારી રીતે પરીક્ષા આપી શકશે. અને જેમ નિયતિએ તમને તમારી નિયતિ સુધી પહોંચાડ્યા છે તેમ જ તમારા બાળકોની નિયતિ પણ એમની સાથે જ હશે. તમે તો માત્ર એના નિમિત બનો. એમના સ્વપ્નોના માર્ગદર્શક બનો માલિક નહી. કેમ કે તમારું બાળક એ માત્ર તમારી સંપતિ નથી પણ સમગ્ર રાષ્ટ્રની, વિશ્વની સંપતિ છે. એને તમારા સપનાઓની પરિપૂર્ણતામાં ના જકડી રાખો વૈશ્વિક કક્ષાએ એને વિહરવા દો. એની પાંખોને પરીક્ષાના બંધનમાં ના બાંધો એને વિશાળ આકાશમાં ઉડવા દો. શક્ય છે કે કાલ સવારે એ જ બાળક તમારી સાત પેઢીનું ગૌરવ વધારે. દેશનું નામ રોશન કરે. એની નિયતિ નિયત થયેલી જ છે. તમે માત્ર નિમિત્ત બનો. નિર્માતા નહીં સાચો નિર્માતા એની અંદર જ છે. એ યોગ્ય સમયે બહાર આવશે. તમે તમારા બાળકમાં શ્રદ્ધા રાખો અને દરરોજ સવારે તમારા બાળકને એક વખત ' આઈ લવ યુ ' કહો. બસ. પછી જુઓ કેવું અણધાર્યું અને ઉત્તમ પરિણામ આવે છે.

- 9426060601.india@gmail.com

# અભિવ્યક્તિની આઝાદી : જૈસી જિસકી સોચ...!

ભારતના બંધારણમાં અનુચ્છેદ ૧૯ થી ૨૨માં સમાનતાના અધિકારની વાત છે, વાત નહિ પણ એમ સમજો ને કે નાગરિકોને ઓલમોસ્ટ હક્ક જ આપેલો છે. આજ અનુચ્છેદની અંદર ૧૯(૧)(ક) માં બતાવ્યું છે કે ભારતના દરેક નાગરીકને અભિવ્યક્તિની સમ્પૂર્ણ આઝાદી આપવામાં આવેલ છે અને આ જ સવીધાનનીની ધારા અંતર્ગત હું ને તમે આપણા વિચારો, નારાજગી, અણગમો કે પછી વિરોધને વ્યક્ત કરી શકીએ છીએ. તકલીફ એ છે કે આ ધારાની અતર્ગત વિરોધ કરવાની કે વ્યક્ત કરવાની એક લીમીટ પણ બાંધવામાં આવેલી છે. ૧૯ માં અનુચ્છેદમાં જ અનુચ્છેદ ૧૯(૨)માં સ્પષ્ટ કહેવાયું છે કે અભિવ્યક્તિની સ્વતંત્રતા વડે જો દેશની સુરક્ષા, દેશની અખંડતા કે દેશની પ્રભુતાને પડકાર, ન્યાયધીશો પર પક્ષપાતનો આરોપ, કોઈની માનહાની કે કોઈને ગુનો કરવા મજબુર કરાતી અભિવ્યક્તિ દેશના કાનુન નીચે દંડ કે સજાને પાત્ર છે...! મતલબ આટલા વર્ષો પહેલા પણ બંધારણ ઘડનારે વાત સાવ સીધી ને સાફ લખેલી છે કે દેશને નુકશાન થાય એવી કોઈ પણ અભિવ્યક્તિ દંડને પાત્ર છે...છે ને છે જ...!

છેલ્લા થોડા વર્ષોથી અભિવ્યક્તિની આઝાદીને નામે નવા નવા બખેડા ઉભા થતા જાય છે અને એવું લાગી રહ્યું છે કે અભિવ્યક્તિની આઝાદીને નામે આપણામાંના અમુક લોકો જાણ્યે –અજાણ્યે એવા કૃત્યો કરી બેસે છે કે જેનું લાંબે ગાળે નુકશાન તો દેશને અને દેશની મજબુત લોકશાહીને જ થવાનું છે. બરાબર છે વિરોધ કરવાનો કે વિરોધ વ્યક્ત કરવાનો બધાને અધિકાર છે જ અને સાથે સાથે એ પણ ભૂલવું ના જોઈએ કે વિરોધ બતાવવાનો રસ્તો પણ સવિધાનની અંદર જ રહીને હોવો જોઈએ પણ ના, આજકાલ સવીધાનમાં કહેવાયેલી વાતોમાં છીંડા શોધીને પણ વિરોધ કરવો ફેશન છે. આજકાલ ફરીથી દિલ્હીની રામજસ કોલેજ આવા જ કારણે ચર્ચામાં છે . ગુરમેહર કૌર, એબીવીપી અને ઉમર ખાલીદવાળો આ આખોયે મામલો હવે તો રાજકીય રંગ પકડી ચુક્યો છે અથવા તો એમ કહોને કે આખોયે મામલો રાજકીય રૂપ તરફ વળી ચુક્યો છે પણ આપણને એક પ્રશ્ને ફરી વિચારતા તો કરી જ દીધા કે 'શું આ જ છે અભિવ્યક્તિની આઝાદી?'

સીધી વાત છે કે જો કાશ્મીરની આઝાદીની વાતો કહેવા બદલ જે ઉમર ખાલીદ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હોય, જેના પર દેશદ્રોહનો આરોપ હોય એને જ તમે મુખ્ય વક્તા તરીકે બોલાવો તો એનો અર્થ જ એ થયો કે લેખની શરૂઆતમાં લખેલા દેશની સુરક્ષાવાળા અનુચ્છેદને તમે નજરઅંદાજ કરો છો. ખેર, અફસોસ એ વાતનો છે કે આજે પણ આપણે લોકશાહી અને અભિવ્યક્તિની આઝાદીનો સાચો અર્થ જાણી નથી શક્યા અને એમાં ખાલી આવા વિદ્યાર્થીનેતાઓ કે શોશિયલ મીડિયા પર ટ્રોલ કરનારા કે ટ્રેન્ડ કરનારા જ શામિલ નથી પણ સામાન્યમાં સામાન્ય માનવી કે જેને વિરોધ કરવો છે એ પણ અભિવ્યક્તિની આઝાદીના મનગમતા અર્થો કાઢવા લાગ્યો છે. વિદ્યાસંસ્થાનોમાં વિદ્યાર્થી નેતાઓ અને એમના સંગઠનોનું આજે પણ જોર ચાલે છે. આજે એબીવીપી છે તો ભૂતકાળમાં એનએસયુઆઈ નો જમાનો હતો જ એમાં કોઈ બેમત નથી જ. આ તો શું છે કે જિસ કી લાઠી ઉસકી ભેસ જેવો ઘાટ છે. પણ નેતાગીરી કે સંગઠનોની આડમાં દેશના ટુકડા કરવા જેવી પ્રવૃતિઓ કે પછી અભિવ્યક્તિની આઝાદીની મજા લેતી ગુરમેહર કૌર જેવી છોકરીને બળાત્કારોની ધમકી આપવી એ કયાનો ન્યાય ?



રજળપાટ

અજય ઉપાધ્યાય

આપણે અભિવ્યક્તિની આઝાદીનો આપણને ગમતો અર્થ કાઢવામાં શુરા છીએ. સંજય લીલા ભણશાળીને મન રાણી પદ્માવતીની વાત પોતાની રીતે અને ઈતિહાશની સાથે છેડખાની કરીને કહેવી એ અભિવ્યક્તિની આઝાદી હોય તો પછી કરણી સેના દ્વારા થતી ધોલધપાટ પણ એમની અભિવ્યક્તિની આઝાદી જ ગણવી પડે ને..? આ દેશમાં તમે વડાપ્રધાનના પુતળા અને પોસ્ટરો બાળી શકો છો એ તો ઠીક પણ તમે એને ખુલ્લેઆમ ગંદી ગાળ પણ આપી શકો છો, તમે એને ' ગધેડા ' પણ કહી શકો છો....! વિરોધીઓને ' કસાબ ' સાથે પણ સરખાવી શકો છો...! અભિવ્યક્તિના નામે તમે કોઈ રાજ્યના મુખ્યપ્રધાનનું માથું કાપી લાવવાનું ફરમાન પણ કરી શકો છો...! વિરોધ કરવાના નામે તમે કોઈના કાફલા પર કે ચહેરા પર શાહી અને પ્રધાનો પર બિન્દાસ ખાસડા ફેકી શકો છો કે તમાચા ઝીંકી શકો છો – હક્ક છે વિરોધ કરવાનો...પણ સાવ આવું ?.. અભિવ્યક્તિની સ્વતંત્રતાના લીધે જ આજકાલ સૈનિકો અને સોલ્જરો પોતાની વ્યથા ખુલ્લેઆમ વિડીયો વડે દેશ સમક્ષ મૂકી રહ્યા છે...! અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે જ સેહવાગ જેવા લોકો ગુરમેહરની વાતને ટ્રોલ કરી શકે છે તો જાવેદ અખ્તર જેવા કહેવાતા બુદ્ધિજીવી અને સો કોલ્ડ સેક્યુલર લોકો દેશને ગૌરવ અપાવનાર ફોગટ બહેનોના બાપને અભણ અને જાહિલ કહી શકે છે...! હદ્દ છે યાર... આનાથી વધુ તો અભિવ્યક્તિની આઝાદી કેટલીક હોય ?! જો વિરોધ કરનાર સાચા હોય તો વિરોધનો વિરોધ કરનાર પણ અભિવ્યક્તિની આઝાદીની વ્યાખ્યામાં જ આવે ને...! હજુ કેટલીક અભિવ્યક્તિની આઝાદી આપણે જોઈએ છે...?

આજકાલ શોશિયલ મીડિયાનો જમાનો છે અને કોઈ પણ પોતાની વાત બેઝીઝક ટ્વીટર, ફેસબુક કે બીજા માધ્યમોમાં મૂકી રહ્યું છે. સંવિધાને જે હક્ક આપ્યો છે એનો બરાબર ઉપયોગ થઈ રહ્યો છે. તકલીફ ત્યાં થાય છે કે જ્યારે કોઈ એક પોસ્ટ કે વિડીયો પછીથી દેશભક્ત અને દેશદ્રોહી કોણ એની ચર્ચા શરુ થઈ જાય છે...! આઝાદી છે વ્યક્ત કરવાની પણ યાદ રહે કે વ્યક્ત થયેલી વાત પછીથી વ્યક્ત કરનારના હાથમાંથી છટકીને ભટકીને કોઈ જુદા જ અંજામ અને રસ્તા તરફ ચાલી નીકળે છે. અગાઉ બનેલા અનેકો બનાવો અને હાલનો ગુરમેહરવાળો કિસ્સો પણ ઓલમોસ્ટ એ જ

**અનુસંધાન પાના નં. ૭ પર**